# બજેટ પૂર્વે ગ્રેટર ચેમ્બર દ્વારા નાણામંત્રીને પરંપરા મુજબ મહત્વનાં સુચનોનું મેમોરેન્ડમ મોકલાયું



રાજકોટ:અત્રેથી ગ્રેટર રાજકોટ ચેમ્બરની વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ કેન્દ્રીય બજેટમાં સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગને જરૂરી હોય તેવા મહત્વના સુચનો તથા હાલમાં પડી રહેલ સમસ્યાઓના નિરાકરણ માટેના મુદ્દાઓ તરફ સરકારનું ધ્યાન દોરવા માટે એક મેમોરેન્ડમ તૈયાર કરીને દર વર્ષે પ્રી-બજેટ મેમોરેન્ડમના સ્વરૂપમાં મોકલવામાં આવે છે. જે મેમોરેન્ડમના મહત્વના મુદ્દાઓ

ડાયરેકટ ટેક્ષ :બજેટ રજૂ થાય તે પૂર્વે -RFCTLARR કાયદા હેઠળ જમીનના ફરજિયાત સંપાદન પર વળતર માટે મુક્તિનો આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ માં સમાવેશમાં કલમ ૯૬ હેઠળ આવકવેરામાંથી મુક્ત છે, પરંતુ આવકવેરા કાયદા હેઠળ જ આવી કોઈ મુક્તિનો ઉલ્લેખ નથી, ફક્ત TDS ને કાયદાની કલમ ૩૯૩ હેઠળ મુક્તિ આપવામાં આવી છે. આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ માં એક પરિપત્ર નં. ૩૬/૨૦૧૬ તારીખ ૨૫-૧૦-૨૦૧૬ છે, તેથી હવે તે પરિપત્રનો હેતુ આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ માં કલમ ૧૧ (આવક મુક્તિ) માં સમાવિષ્ટ કરી શકાય છે.-સુધારણા અને ફરિયાદ નિવારણ માટે સમયમર્યાદાનું તર્કસંગતકરણ સુધારણા, ફેસલેસ કરેક્શન અને ફરિયાદ નિવારણ સંબંધિત હાલની જોગવાઈઓ છૂટાછવાયા અને સમય માંગી લે તેવી છે. જેના સૂચનરૂપે ૧) એક સંકલિત અને સમય-બાઉન્ડ સુધારણા માળખું રજૂ કરી શકાય છે.

જેમાં નીચેનાનો સમાવેશ થાય છે ૨) બધી ઓનલાઈન સુધારણા અરજીઓનો ૩ મહિનાની અંદર નિકાલ થવો જોઈએ, ૩) જો નિકાલ ન કરવામાં આવે, તો અંકગણિત/કારકુની ભૂલો, વ્યાજ મેળ ખાતી નથી, ્રૂજી/ઝ્રજી ક્રેડિટ અને કેરી-ફોરવર્ડ મુદ્દાઓની હદ સુધી સુધારણાને મંજૂરી આપવામાં આવશે. તદઉપરાંત જો આ ટાળી શકાય તો તેને અનુલક્ષીને તેવા મુકદ્દમા અને મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો કરશે.

-અપીલીય આદેશો પછી પરિણામી રાહત આપમેળે મળે છે, જેમાં CIT(A), ITAT, હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના અનુકૂળ આદેશો પછી પણ, કરદાતાઓને અમલમાં મૂકવા માટે વારંવાર અરજીઓ દાખલ કરવાની ફરજ પડે છે. જેના સુચન રૂપે ૧) એક કાયદાકીય જોગવાઈ દાખલ કરી શકાય છે જેમાં ફરજિયાત કરવામાં આવે છે કે, ૨) અપીલની અસરો ઓર્ડર અપલોડ થયાના ૬૦ દિવસની અંદર આપવી જોઈએ, અને તેમાંથી ઉદ્ભવતા રિફંડ અલગ અરજી વિના વ્યાજ સાથે સ્વતઃ-પ્રક્રિયા કરવી જોઈએ.

-વિભાગીય વિલંબ માટે કરદાતાઓને વ્યાજ વળતર : જ્યારે કરદાતાઓ દરેક વિલંબ માટે વ્યાજ ચૂકવે છે, ત્યારે રિફંડ આપવામાં અથવા અપીલની અસર આપવામાં વિભાગીય વિલંબ સામે કોઈ અસરકારક નિવારણ નથી. જેના સુચનરૂપે ૧) વધારાના વળતર વ્યાજ આપવા માટે એક ચોક્કસ જોગવાઈ રજૂ કરી શકાય છે જ્યાં: રિફંડ / અપીલની અસરો નિર્ધારિત સમય કરતાં વધુ વિલંબિત થાય છે, અથવા સ્ટે અથવા અપીલીય રાહતને અવગણીને રકમ વસૂલ કરવામાં આવે છે. આ સમાનતા અને જવાબદારી લાવશે.

- મૂડી લાભ માળખાનું સરળીકરણ : મૂડી લાભ જોગવાઈઓ સૌથી વધુ મુકદ્દમા ક્ષેત્રોમાંનું એક છે. જેના સૂચનરૂપે ૧) લાંબા ગાળાની સંપત્તિ માટે સમાન હોલ્ડિંગ સમયગાળો રજૂ કરો, ૨) બહુવિધ મુક્તિ વિભાગોને એક જ સંકલિત પુનઃરોકાણ વિભાગમાં મર્જ કરો તથા ૩) અલગ મૂડી લાભ ખાતા યોજનાને બદલે ઇન્ડેક્સ્ડ રોલઓવર ખાતાને મંજૂરી આપો.


- TDS/TCS જોગવાઈઓનું તર્કસંગતકરણ : TDS જોગવાઈઓ ખૂબ જ જટિલ અને પાલન-ભારે બની ગઈ છે. જેના સૂચનરૂપે ૧) સમાન વિભાગોને ઓછા વ્યાપક વિભાગોમાં મર્જ કરો, ૨) વાર્ષિક એકીકૃત સુધારણા સુવિધા રજૂ કરો, ૩) જ્યાં પ્રાપ્તકર્તા દ્વારા કર ચૂકવવામાં આવે છે અને આવક કર ચૂકવવામાં આવે છે ત્યાં વ્યાજ/દંડથી કાનૂની મુક્તિ આપો. ૪) ભાગીદારને વ્યાજ અને મહેનતાણું ચૂકવવા પર TDS ની જોગવાઈ દૂર કરવાની જરૂર છે.

ભાગીદારને વ્યાજ અને મહેનતાણું ફક્ત હિસાબો પૂર્ણ થયા પછી જ નક્કી કરી શકાય છે જે જુલાઈ / ઓક્ટોબર મહિના સુધી કરી શકાય છે. પરંતુ TDS મે સુધીમાં ચૂકવવાની જરૂર છે. વધુમાં, ભાગીદારોની વિગતો હંમેશા આવકવેરા કચેરી પાસે હોય છે અને તેથી ભાગીદારોને ચૂકવવામાં આવતા વ્યાજ/મહેનતાણું પર કરમાંથી છટકી જવાની કોઈ શક્યતા નથી.

-આ ઉપરાંત પરોક્ષ કરમાં પારદર્શિતા અને જવાબદારીની જરૂરિયાત હોય, જેમાં વધુ સારી પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે ઓડિટ અને અપીલ કાર્યવાહીને ફેસલેસ બનાવવી જોઈએ, તથા વિવાદિત માંગ સામે ચૂકવવામાં આવેલા કર પર વ્યાજની જોગવાઈ થવી જરૂરી છે. તેના સુચનરૂપે કરદાતા વિવાદિત માંગણીઓ પર સંપૂર્ણ કર ચૂકવી શકે છે અને માંગણી પુષ્ટિ થાય તો દંડાત્મક વ્યાજથી બચવા માટે અપીલમાં જઈ શકે છે.આવા કિસ્સામાં, જો તે અપીલ અધિકારી સમક્ષ જીતે છે, તો ચૂકવેલા અને હવે પરતપાત્ર કર પર વ્યાજ ચૂકવવાની કોઈ જોગવાઈ નથી. આવી પરતપાત્ર રકમ પર વ્યાજ ચૂકવવા માટે ચોક્કસ જોગવાઈ કરવી જોઈએ. આમ ઉપરોક્ત મુદ્દાઓ સીવાયના પણ ઘણા મહત્વના અને જરૂરી સુચનો સરકાર સમક્ષ આગામી બજેટને ધ્યાને રાખીને ગ્રેટર રાજકોટ ચેમ્બર દ્વારા કરવામાં આવેલ છે.

# ફુડ શાખા દ્વારા સિંગતેલ અને કપાસીયા તેલના ત્રણ નમુના લેવાયા

## હેમુ ગઢવી હોલ પાછળની ખાણીપીણી બજારમાં તપાસ



રાજકોટ:

મનપાની આરોગ્ય અને ફુડ શાખા દ્વારા ખાદ્ય તેલના વધુ ત્રણ નમુના લઈને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. રૈયા રોડ, મામાસાહેબના મંદિર સામે શ્રી રામ કોમ્પ્લેક્ષમાં આવેલ ઓમ એજન્સીમાંથી પરાગ સિંગતેલ અને કાકા કપાસીયા તેલ, સાધુ વાસવાણી રોડ, રાજપેલેસમાં શ્રી રામ એજન્સીમાંથી વંદના સિંગતેલનો નમુનો લેવાયો છે.

આ તેલની ગુણવતા ચકાસવામાં આવશે. ઉપરાંત વિભાગે શહેરના હેમુ ગઢવી હોલ પાછળ હોકર્સ ઝોન વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૬ ધંધાર્થિને ત્યાં ૧૬ નમુનાની ચકાસણી કરવામાં આવી હતી જે પૈકી (૧)કરીમ એગ્ઝ અને (૨) ભરત દાળ પકવાનને લાયસન્સ માટે સુચના અપાઇ છે.

ઉપરાંત (૩)કદમ્બ દાબેલી (૪)બાલાજી ભૂંગળા બટેટા (૫)રાજ મેગી (૬) આશાપુરા દાળપકવાન (૭)આશાપુરા ભૂંગળા બટેટા (૮)શ્રીજી બ્રેડ સેન્ટર (૯)મારુતિ અલ્પાહાર (૧૦) જે જે બ્રેડ પકોડા (૧૧) રાજ દાળપકવાન (૧૨)બજરંગ દાળપકવાન (૧૩)બોમ્બે પાઉંભાજી (૧૪)મદ્રાસ કાફે (૧૫) જે જે ઘૂઘરા (૧૬) બાલાજી દાળપકવાનમાં તપાસ કરવામાં આવી હતી.

# ખોખળદડમાં ખેડૂત પરિવારના મકાનમાંથી ચોરી કરનાર ધાર ગેંગની બેલડી ઝબ્બે

રાજકોટ:ખોખળદળ ગામે ખેડૂત પરિવારના મકાનમાં ત્રાટકી ચોરીને અંજામ આપનાર ધાર ગેંગની બેલડીને ક્રાઈમ બ્રાન્ચે લાપસરી ગામ નજીકથી ઝડપી લીધી હતી. પોલીસે બંને તસ્કરોની ધરપકડ કરી વધુ ચાર શખ્સોની શોધખોળ શરૂ રાખી છે. બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ખોખડદડ ગામે શંકર ભગવાનના મંદિરની બાજુમાં રહેતાં કાંતિભાઈ શિવાભાઈ દેસાઈ (ઉ.વ.૬૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૩૧ રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યે તેઓ અને તેમના પત્ની કાંતાબેન મકાને તાળા મારી મકાનની બાજુમાં આવેલ નાના દિકરા મહેશના ઘરે ગયેલ અને જમીને ત્યાં જ સુઈ ગયેલ હતા.

બાદ સવારના વહેલા પાંચેક વાગ્યા આસપાસ જાગીને ઘરે ગયેલ અને જોયેલ તો ઘરની ડેલીનું તાળુ તુટેલ અને ડેલી ખુલ્લી હતી. જેથી અંદર જઈ જોતા ફળીયામાં રાખેલ બાઈક જોવામાં આવેલ નહીં અને મકાનના મુખ્ય દરવાજાએ લોખંડની જાળીએ તાળુ મારેલ હતુ, તે તાળુ પણ જોવામા આવેલ નહીં, જાળીનો નકુચો તુટેલ અને ખુલ્લી હતી.જેથી ઘર અંદર જઈ જોતા મકાનની અંદર આવેલ બન્ને રૂમના દરવાજા ખુલ્લા અને બધો સામાન વેરવિખેર પડેલ હતો અને જેથી સોના ચાંદીના દાગીના મળી કિ.રૂ.૨૭.૮૦ લાખ, રોકડ રૂ.૯૦ હજાર અને બાઈક મળી કુલ રૂ.૨૯ લાખનો મુદામાલ ગાયબ હતો. જેથી કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.જે બનાવ અંગે આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. જો કે, ગંભીર અને મોટી ચોરીના બનાવમાં પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો ત્યારે જ ફરીયાદીને જ ઘરમાંથી જ દાગીના ભરી બેગ મળી આવતાં ચોરીના બનાવમાં નવો વળાંક આવ્યો હતો. જેથી રૂ.૨૭.૮૦ લાખનો મુદામાલ મળી આવતાં હવે રોકડ રૂ.૯૦ હજાર અને ફરીયાદીની બાઈક તેમજ અન્ય એક બાઈક જ ચોરી થયાનું સામે આવ્યું હતું.

ચોરીના બનાવને તાત્કાલિક ડિટેક્ટ કરવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયાની સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વનરાજસિંહ ડોડીયા અને ડી પી ઝાલાની ટીમ પ્રયત્નશીલ હતી.દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ચૌહાણ, પ્રદીપસિંહ જાડેજા, રાજેશભાઈ જળુ તથા જયરાજસિંહ કોટીલાને મળેલ ચોક્કસ હકીકતના આધારે કોઠારીયા ગામથી લાપસરી ગામ તરફ જતા રોડ પરથી કાળુ થાનસિંગ મીનાવા (ઉવ ૩૮ રહે. જગદીશભાઈ પટેલની વાડીએ, ખાનપર, મોરબી મૂળ રહે. ધાર, મધ્યપ્રદેશ) અને જયંતિ લાલસિંગ અજનારીયા (ઉવ ૩૫ રહે લાપાસરી ગામ, રાજકોટ મૂળ રહે. અલીરાજપુર,




મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી રોકડ રૂ.૭૦૦૦ કબજે કર્યા હતા. ઝડપાયેલા શખ્સોએ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ કેફિયત આપી હતી કે, જયંતિ અજનારીયા લાપાસરી ગામે રહી ખેતર ભાગીયે વાવતો હોય તેણે બે થી ત્રણ વાર ખેડૂતના મકાનની રેકી કરી હતી. ખેડૂત પરિવારના મકાનમાં અવાર નવાર તાળું મારેલું હોય જેથી તેણે ચોરી કરવાનો વિચાર આવ્યો હતો. બાદ તેણે તેના શાળા બીજું ભુરાભાઈ મસાણીયા સાથે મળીને ચોરીનું કાવતરું ઘડ્યું હતું. બાદમાં બીજુ મસાણીયાએ ચોરીને અંજામ આપવા પાંચ શખ્સોની ટોળકી રચી હતી.જે ટોળકી ચોરીને અંજામ આપ્યાની આગલી રાત્રે જ લપાસરી ગામે જયંતિ અજનારીયાની વાડી ખાતે પહોંચી ગઈ હતી અને ત્યાં રાત્રી રોકાણ કર્યા બાદ બીજા દિવસે તેમણે ચોરીને અંજામ આપ્યો હતો. ઝડપાયેલા તસ્કરોની કેફિયત પરથી પોલીસે બીજુ ભુરલાભાઈ મસાણીયા, શંકર કુંદનસિંહ મીનાવા, મુનો કમરૂભાઈ મીનાવા (ત્રણેય રહે ધાર, મધ્યપ્રદેશ) અને એક અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# ટી.બી.ના ૩૦ જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ કિટનું વિતરણ

## દર્દીઓને દવાની સાથેસાથે પૌષ્ટિક આહાર લેવા બાબતે ભાર મૂકાયો

રાજકોટ:ભારત દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ટી.બી. મુક્ત ભારત' અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુથી 'એક કદમ માનવતા કી ઓર'ના સૂત્ર સાથે રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા લાયન્સ ક્લબ ઓફ રાજકોટ પ્રાઈડના સહયોગથી પોષણ કિટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગત તા. ૨૨ જાન્યુઆરીના રોજ આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાના હસ્તે શાપર ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારના ૩૦ જેટલા ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને નિક્ષય મિત્ર બનીને પોષણ આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ દર્દીઓને નિયમિત સારવાર લેવા અને મક્કમ મનોબળ સાથે ટી.બી.થી મુક્ત થવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પોરબંદર જિલ્લાના અધ્યક્ષ શ્રી



નિધિબેન મોઢવાડિયાએ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પોતે 'ટી.બી. ચેમ્પિયન' હોવાથી તેમણે દર્દીઓ સાથે વ્યક્તિગત અનુભવો વહેંચી, તેમનો આત્મવિશ્વાસ વધાર્યો હતો. કાર્યક્રમ દરમિયાન 'ટી.બી. હારેગા, દેશ જીતેગા'ના સૂત્રોચ્ચાર સાથે સૌએ સાથે મળીને ભારતને ટી.બી. મુક્ત બનાવવાનો સંકલ્પ લીધો હતો. ક્લબના આગેવાનોએ દર્દીઓને દવાની સાથેસાથે પૌષ્ટિક આહાર લેવા બાબતે ભાર આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે,પોષણક્ષમ આહારની કિટમાં મગ, ચણા, મઠ, સોયાબીન, રાજમા, પંચરત્ન દાળ, મગદાળ, ચણાદાળ, તુવેરદાળ, ચોળા, ચોખા, સીંગદાણા, ખજૂર, ગોળ અને દાળિયા જેવા ધાન્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તકે રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે લોકોને પણ ક્ષયમુક્ત ભારતના સેવાયજ્ઞમાં જોડાવવા માટે ટી.બી.ના દર્દીઓને પોષણ કીટ આપીને નિક્ષય મિત્ર બનવા માટે અનુરોધ કર્યો હતો.

# MoHUA દ્વારા વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને તીરુવનંતપુરમ, કેરળ ખાતે MSVAnidhi યોજનાના કાર્યક્રમનું રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જીવંત પ્રસારણ

## બહોળી સંખ્યામાં લાભાર્થીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યાઃ મહાનુભાવોના વરદ હસ્તે PMSvanidhi યોજનાના લાભાર્થીઓને ટોકન સ્વરૂપે સહાય વિતરણ કરવામાં આવી

રાજકોટ:MoHUA દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને PMSVAnidhi યોજનાનો કાર્યક્રમ તીરુવનંતપુરમ, કેરળ ખાતે યોજવામાં આવેલ. આ કાર્યક્રમની સમાંતર રાજકોટ મહાનગર પાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજના શ્રી અરવિંદભાઈ મણીયાર હોલ, જ્યુબેલી બાગ, રાજકોટ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે રાજકોટ ખાતે યોજવામાં આવેલ. આ જીવંત પ્રસારણ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લાભાર્થીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત મહાનુભાવો વરદ હસ્તે લાભાર્થીઓને ટોકન સ્વરૂપે સહાય વિતરણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં સમાંતર રીતે યોજવામાં આવેલ. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શ્રી અરવિંદભાઈ મણિયાર હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના તીરુવનંતપુરમ, કેરળ ખાતેના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્યશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયરશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતાશ્રી લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડકશ્રી મનીષભાઈ રાડીયા, શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સમિતિના ચેરમેનશ્રી દિલીપભાઈ લુણાગરિયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી અશ્વિનભાઈ મોલીયા, કાયદો અને નીયમન સમિતિના ચેરમેનશ્રી કંકુબેન ઉધરેજા, કોર્પોરેટરશ્રીઓ શ્રી મંજુબેન કુગશીયા, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી વિનુભાઈ સોરઠીયા, શ્રી દક્ષાબેન વસાણી, નાયબ મ્યુનિસિપલશ્રી સમીર ધડુક, સહાયક કમિશનરશ્રી વિપુલ ઘોણીયા, એન્ક્રોચમેન્ટ ઓફિસરશ્રી પરબત બારીયા, મેનેજરશ્રીઓ શ્રી કૌશિક ઉનાવા, શ્રી રાજીવ ગામેટી, શ્રી પ્રણય પંચોલી, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ, બહોળી સંખ્યામાં સ્જીદ્બહૈદ્ઘૈ યોજનાના લાભાર્થીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ અવસરે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તીરુવનંતપુરમ, કેરળ ખાતેના કાર્યક્રમમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આજે કેરાલાથી સમગ્ર દેશમાં સ્જીફછદ્બૈદ્ઘૈ યોજનાના ક્રેડિટ કાર્ડની શરૂઆત કરવામાં આવી છે, જે દેશના સ્ટ્રીટ વેન્ડર્સ અને નાના વ્યવસાયકારો માટે એક ઐતિહાસિક અને ક્રાંતિકારી પગલું છે. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે આજે સમગ્ર દેશ એકજુટ થઈ કાર્ય કરી રહ્યો છે અને ખાસ કરીને અર્બન ક્ષેત્રે ભારત વિકાસની નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અત્યાર સુધી ચાર લાખથી વધુ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પાકું અને સન્માનપૂર્ણ આવાસ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

ગરીબ પરિવારોના રોજિંદા ખર્ચમાં ઘટાડો થાય તે હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા PM સૂર્ય ઘર યોજના અમલમાં મુકવામાં આવી છે, જેના કારણે વીજળીના બિલમાં મોટી બચત થઈ રહી છે અને ઘરઘર સ્વચ્છ ઊર્જાનો લાભ મળી રહ્યો છે. આરોગ્ય ક્ષેત્રે આયુષ્માન ભારત યોજના દ્વારા કરોડો નાગરિકોને મફત અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સારવાર મળી રહી છે, જેના કારણે ગરીબ પરિવારોને ગંભીર બીમારીઓમાં મોટો સહારો મળ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે પાછલા ૧૧ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કરોડો નાગરિકોને બેન્કિંગ વ્યવસ્થાની મુખ્યધારામાં જોડવામાં આવ્યા છે. જનધન ખાતાઓ, ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને સરળ બેન્કિંગ સુવિધાઓના કારણે આજે ગરીબ નાગરિકો પણ આર્થિક રીતે સશક્ત બન્યા છે. બેન્ક લોન મેળવવામાં ગરીબોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરકાર ખુદ ગેરેન્ટી બની આગળ આવી છે, જેના કારણે નાના વેપારીઓ અને સ્વરોજગાર ધારકોને સરળતાથી લોન મળી રહી છે.

સ્ટ્રીટ વેન્ડર્સ વિશે વાત કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે રસ્તા પર કે શેરીઓમાં માલ વેચીને જીવન નિર્વાહ કરતા નાગરિકોને મુખ્યધારામાં લાવવા માટે કેન્દ્ર સરકારે સૌપ્રથમ સ્જીફછદ્બૈદ્ઘૈ યોજના અમલમાં મૂકી હતી. આ યોજના દ્વારા લાખો સ્ટ્રીટ વેન્ડર્સે બેન્કોમાંથી લોન મેળવી પોતાનો વ્યવસાય વિકસાવ્યો છે. હવે સરકાર એક પગલું વધુ આગળ વધી છે અને આ યોજનામાં સ્જીફછદ્બૈદ્ઘૈ ક્રેડિટ કાર્ડની સુવિધા શરૂ કરી છે. અગાઉ ક્રેડિટ કાર્ડ માત્ર સમૃદ્ધ વર્ગ સુધી સીમિત હતું, પરંતુ




હવે સ્ટ્રીટ વેન્ડર્સ પાસે પણ ક્રેડિટ કાર્ડ હશે, જે તેમના વ્યવસાયને વધુ મજબૂત બનાવશે.વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં મેડિકલ, હેલ્થ, રોડ, રેલવે અને કનેક્ટિવિટી ક્ષેત્રે વ્યાપક અને સતત વિકાસકાર્ય કરી રહી છે. દેશના વિવિધ રાજ્યો વચ્ચે ઝડપી અને સુગમ આવાગમન માટે વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી છે, જેના કારણે દેશની આંતરિક કનેક્ટિવિટી વધુ મજબૂત બની છે અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળ્યો છે.

આ તમામ યોજનાઓ અને વિકાસકાર્યો દ્વારા કેન્દ્ર સરકાર ગરીબથી ગરીબ નાગરિકને સશક્ત બનાવી, આત્મનિર્ભર બનાવી અને સર્વાંગી વિકાસ દ્વારા ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે અવિરત કાર્યરત હોવાનું વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું.

આ અવસરે ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ ઉપસ્થિતોને સંબોધતા જણાવ્યું હતું કે, આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું દ્રઢ સ્વપ્ન છે કે દેશનો દરેક નાગરિક આત્મનિર્ભર બને અને પોતાની મહેનતથી આગળ વધે. આ સ્વપ્નને સાકાર કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ લોકહિતકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે, જેમાં આજનો આ કાર્યક્રમ પણ એક મહત્વપૂર્ણ કડી છે.

# બે આઈડી મારફત જુગાર રમતો જમીન મકાનનો ધંધાર્થી ઝડપાયો

રાજકોટ:જામટાવરથી પ્રભાત હોસ્પિટલ જવાના રોડ પાસે મોબાઇલમાં અલગ અલગ બે આઈડી મારફત કસીનોમાં ઓનલાઇન જુગાર રમતા સાધુવાસવાણી રોડ પર રહેતા જમીન મકાનના ધંધાર્થીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.દરોડાની વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી બાતમી મળી હતી કે, જામ ટાવરથી પ્રભાત હોસ્પિટલ જવાના રસ્તે જાહેર રોડ પર ઉભેલો એક શખસ મોબાઈલ ફોનમાં આઈડી મારફત જુગાર રમી રહ્યો છે.જેથી આ બાતમીના આધારે પોલીસની ટીમને અહીં પહોંચી જોતા એક શખસ મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતો હોય જેથી પોલીસે તેની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ વિમલ જેઠાભાઈ માલવિયા (ઉ.વ. ૪૬ રહે. સાધુવાસવાણી રોડ એસબીઆઇ બેન્કની પાછળ, મૂળ ત્રાકુડીપરા, જેતપુર) હોવાનું જણાવ્યું હતું.પોલીસે આ શખસના મોબાઈલ ફોનમાં તપાસ કરતા તે ઈંગ્લીશ ૯૯૯ અને ઓલ પેનલએક્સચેન્જ ડોટ એપ નામની બે અલગ અલગ આઈડી મારફત કેસીનોમાં ડ્રેગન ટાઈગર નામની ગેમ્સમાં ઓનલાઈન જુગાર રમતો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે આ શખસ પાસેથી રૂપિયા ૭૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન કબજે કરી તેની સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. ઓનલાઇન જુગાર રમતા ઝડપાયેલો આ શખસ જમીન મકાનનો ધંધાર્થી હોવાનું જાણવા મળ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા

(બગીચા શાખા)

ટેન્ડર નોટીસ

રાજકોટ મહાનગરપાલિકાની બગીચા શાખા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં વિવિધ કાર્યક્રમો માટે ફૂલ ડેકોરેશન તેમજ પરચુરણ કામગીરીના રેઈટ કોન્ટ્રાક્ટ (દ્વિ-વાર્ષિક) (ઇસ્ટઝોન/સેન્ટ્રલઝોન/વેસ્ટઝોન) કરવાના કામે ઈ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર www.tender.nprocure.com પરથી ભરી શકાશે. ટેન્ડર ઓનલાઈન ડાઉનલોડ તથા ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તા.૦૯-૦૨-૨૦૨૬ તથા સમય અનુક્રમે ૧૬:૦૦ તથા ૧૮:૦૦ છે.

ડાયરેક્ટર (પી&જી)
રાજકોટ મહાનગરપાલિકા

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)